||ॐ શ્રી સાઈરામ ||

## ॥ ॐ શ્રી સાઈ સાધુજન પોષણાય નમ: ॥ (૮)

## જે સપુરુષોનું પોષણ કરે છે એવા

## શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

મનુષ્યમાંના સારા ગુણ વધારવા માટે અને તે ટકી રહે એટલા માટે ભગવાન અવતાર લે છે. જ્યારે કોઇ સદગુણી વ્યક્તિના જીવનમાં અડચણ નિર્માણ થાય ત્યારે તે સંકટનો ભાર સહન કરવાની હિંમત સ્વામી આપે છે અને તેની પ્રગતિ વચ્ચે આવનારી અડચણ દૂર કરે છે.

ઘણા વર્ષો પહેલાં સ્વામીના પરમભક્ત શ્રી. રાધાકૃષ્ણ ચેટ્ટીની કન્યા સૌ. વિજ્યાકુમારી અને તેના પતિ શ્રી. હેમચંદ દર્શન કરવા ગયા હતા ત્યારે સ્વામી તેમની પાસે આવ્યા અને બોલ્યા - 'કુમારમ્મા પ્રગતિ થઈ, તને બઢતી મળી." આ સાંભળતા જ વિજયાકુમારીના મોઢેથી ઉદ્ગાર નીકળ્યા - 'ઓ હો'' ત્યારે સ્વામી બોલ્યા - "જીવનના કયા ક્ષેત્રમાં તને બઢતી મળી છે એ તો તેં પૂછ્યું જ નહીં. શનિ દેવે (શનિ ભગવાને) તારી જન્મ કુંડલીમાં પ્રવેશ કર્યો છે." આ સાંભળીને વિજ્યાકુમારી નિર્વિકારપણે સ્વામીને બોલ્યા - 'હા, એ તો સરસ થયું સ્વામી! પ્રત્યક્ષ પરમેશ્વર મારી પાછળ અડીખમ ઊભો છે. તો પછી મારે ગભરાવાનું કારણ શું?'

ત્યાર પછી એ દંપતી પર સંકટો પર સંકટો આવવા લાગ્યા. આર્થિક રીતે તે ઘણા અડચણમાં આવી ગયા. અર્થ પ્રાપ્તિના સાધનો સામે હોવા છતાં તેમાંથી અર્થ પ્રાપ્તિ થતી નહોતી. બંનેને માનસિક ચિંતા સતાવવા લાગી. પરંતુ સાઇશ્વર ઉપરની શ્રદ્ધામાં કોઈ ફરક પડ્યો નહીં. પરંતુ તેમાં વધારો છે. થયો. એક વખત સ્વામીએ તેમને પૂછયું - "તને થોડા પૈસા જોઈએ છે ને? હું આપું?" ત્યારે વિજયા કુમારીએ ઉત્તર આપ્યો-" તમે આપેલા પૈસાથી જ તો અમે અન્ન ખાઈએ છીએ. અમને પ્રત્યક્ષ રકમ ના આપતા. પણ અમને અપ્રત્યક્ષપણે પૈસા મેળવવામાં મદદ કરો."

ભક્તોએ શરણાગત થઈને કરેલી વિનંતી ભગવાન સુધી પહોચી. સ્વામીએ તેમને એક પત્ર લખ્યો. તેમાં સ્વામીએ કહ્યું – "તેં દુઃખદ અંતઃકરણથી કરેલી પ્રાર્થના મારા સુધી પહોંચી. એના વડે તેં મારું હૃદય જીત્યું છે. હવે હું પૂર્ણપણે તને (તારાથી) બંધાઈ ગયો છું. ઉદાસ થઈશ

નહીં જલ્દી જ તારા ભવિષ્યકાળમાં તું સુખી થઈશ. જલ્દી જ તું આનંદથી નાચવા અને ગાવા લાગીશ."

સ્વામીનો પત્ર એટલે તો વ્રજલેખ જ. એટલે ખૂબ જ થોડા સમયમાં સૌ. વિજ્યાકુમારીના બધા સંકટો દૂર થઈ ગયા. આર્થિક અડચણ દૂર થઈ ગઈ. આ મુશ્કેલ સમયમાં કેવળ સ્વામીના આશીર્વાદ જ તેમને તાર્યા. સજ્જનોના તારણહાર સ્વામીએ તેમને આધાર આપ્યો એટલે જ તે આ મુશ્કેલ સમયમાંથી માર્ગ કરી શક્યા અને આજે તેઓ પોતાની વૃદ્ધાવસ્થા સ્વામી ચિંતનમાં વ્યતીત કરે છે.

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||